# માંડવી પ્રાયોજના કચેરીએ આદિવાસી ખેડૂતોનો વનવિભાગ વિરુદ્ધ મોરચો

**વન** વિભાગના અધિકારીઓ સામે પજવણીના ગંભીર આક્ષેપ



હિતેશ પટેલ

માંડવીઃ સુરતના ઉમરપાડા અને નર્મદાના સાગબારા તાલુકાના જંગલ વિસ્તારમાં વર્ષોથી પરંપરાગત રીતે ખેતી કરતા આદિવાસી ખેડૂતોએ વન વિભાગની કથિત કનડગત સામે મોરચો માંડ્યો છે. મોટી સંખ્યામાં આદિવાસી ખેડૂતોએ માંડવી સ્થિત 'પ્રાયોજના વહીવટદારની કચેરી' ખાતે એકત્રિત થઈને ગંભીર આક્ષેપો સાથે લેખિત રજૂઆત કરી હતી. ખેડૂતોનો દાવો છે કે, 'વન અધિકાર અધિનિયમ-૨૦૦૬' હેઠળ તેમને કાયદેસરના અધિકારો મળેલા હોવા છતાં, વડપાડા રેન્જમાં ફરજ બજાવતા બીટ ગાર્ડ તથા રેન્જ ફોરેસ્ટ ઓફિસર દ્વારા વારંવાર ખેતરોમાં જઈને ખેતી અટકાવી દેવામાં આવે છે. સરકાર તથા હાઈકોર્ટના વિવિધ આદેશોનો યોગ્ય અમલ કરવાના બદલે અધિકારીઓ દ્વારા તેમના પર ગેરકાયદે દબાણ ઊભું કરાય છે અને નાની-નાની બાબતોમાં ખોટા કેસોમાં ફસાવી દેવાની ધમકીઓ અપાય છે, જેના કારણે તેમની આજીવિકા અને બંધારણીય અધિકારો પર સીધો પ્રહાર થઈ રહ્યો છે.

માંડવી કચેરીએ રજૂઆત કરવા પહોંચેલા સાગબારાના અસરગ્રસ્ત ખેડૂત રાજેશ વસાવાએ આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે, તેઓ ઉકાઈ ડેમના વિસ્થાપિતો છે અને બાપદાદાના સમયથી આ જમીન પર ખેતી કરે છે. છેલ્લા દોઢેક વર્ષથી વન વિભાગના કર્મીઓ દ્વારા તેમને સતત હેરાન કરવામાં આવે છે. ગત વર્ષે તેમનો ઊભો પાક નષ્ટ કરી દેવાયો હતો અને આ વર્ષે તેમની જમીન પર નવું પ્લાન્ટેશન કરી દેવાયું છે. પ્રાયોજના અધિકારીઓને વારંવાર રજૂઆતો કરવા છતાં માત્ર ખેડાણ કરવા માટે વન વિભાગ સાથે ઘર્ષણમાં ઊતરવું પડે છે. આ સમગ્ર મામલાની નિષ્પક્ષ તપાસ કરી જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં લેવા જોઈએ.

આદિજાતિ વિભાગના પ્રાયોજના વહીવટદાર એસ.એમ. ગઢવીએ જણાવ્યું હતું કે, જમીન ખેડાણ અંગે નિર્ણય કરવાની જવાબદારી સંબંધિત વિભાગની છે અને ગીર (GEER) ફાઉન્ડેશને સેટેલાઈટ ઈમેજથી ખરાઈ કરીને જ યોગ્ય ખેડૂતોને મંજૂરી આપી હતી. ખેડૂતો તરફથી જમીનના દાવાઓ અંગે રજૂઆત મળી હોવાથી ફોરેસ્ટ વિભાગના સિનિયર અધિકારીઓ સાથે વિચારવિમર્શ કરીને તાત્કાલિક ધોરણે ખેડૂતો સામે કોઈ કાર્યવાહી ન કરવાનો નિર્ણય લેવાયો છે અને આ અંગે ફરીથી સંબંધિત વિભાગને જાણ કરવામાં આવશે. માંડવી પ્રાયોજના કચેરીના આ હકારાત્મક અભિગમથી આદિવાસી ખેડૂતોને હાલ પૂરતી કામચલાઉ રાહત મળી છે, પરંતુ જમીનનો કાયમી હક ન મળે ત્યાં સુધી તેમની લડત યથાવત્ રહેશે.

## સંક્ષિપ્ત સમાચાર

### અક્કલકૂવામાં આતંક મચાવનાર વાંદરો આખરે પાંજરે પુરાયો



કુકરમુંડાઃ નંદુરબાર જિલ્લાના અક્કલકૂવા વિસ્તારમાં છેલ્લા ૧૫ દિવસથી આતંક મચાવનાર અને ૮ લોકોને ઘાયલ કરનાર વાંદરાને વન વિભાગે સફળતાપૂર્વક પકડી લીધો છે. આર.એફ.ઓ. પી.પી.પાટીલના માર્ગદર્શન હેઠળ વન વિભાગ અને વન્યજીવ રક્ષકોની સંયુક્ત ટીમે વાંદરાને કોઈપણ નુકસાન પહોંચાડ્યા વિના સુરક્ષિત રીતે પાંજરે પૂર્યો હતો, જેથી સ્થાનિકોમાં ભય દૂર થયો છે.

### સાયખા GIDC નજીક રંગીન પ્રવાહી મળ્યું



ભરૂચઃ વાગરા તાલુકાના ઔદ્યોગિક વિસ્તાર સાયખા GIDCમાં આવેલ એક ખાનગી એકમ નજીક ખુલ્લા વિસ્તારમાં રંગીન પ્રવાહી જોવા મળ્યું હતું. સ્થાનિકોએ તાત્કાલિક આ અંગે GPCBને જાણ કરતાં બોર્ડની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. પ્રાથમિક દૃષ્ટિએ આ પ્રવાહી સામાન્ય લાગતું નથી, પરંતુ તેમાં કોઈ ઝેરી કે રાસાયણિક તત્ત્વો ભળેલાં છે કે કેમ, તે અંગે હજુ કોઈ સત્તાવાર સ્પષ્ટતા થઈ નથી. GPCBની ટીમે સ્થળ પરથી પ્રવાહીના નમૂના લઈને તપાસ માટે લેબોરેટરીમાં મોકલી આપ્યાં છે.

### ભરૂચમાં પુરી-અમદાવાદ એક્સપ્રેસના ટોઇલેટમાંથી ગાંજો ઝડપાયો

ભરૂચઃ અંકલેશ્વર અને ભરૂચ વચ્ચે પેટ્રોલિંગ દરમિયાન પોલીસને ટ્રેન નં.12843ના સ્લીપર કોચ S/5નાં બંને શૌચાલયની ઉપરના ભાગે ખાકી સેલોટેપથી લપેટેલાં શંકાસ્પદ બંડલ મળી આવ્યાં હતાં. મુસાફરોની પૂછપરછ કરતાં કોઈ માલિક ન મળતાં અને નાર્કોટિક્સની ગંધ આવતાં પોલીસનો શંકા દ્રઢ થઈ હતી. ટ્રેન ભરૂચ સ્ટેશને પહોંચતાં સ્થાનિક પોલીસની મદદથી જથ્થો નીચે ઉતારી, વિડીયોગ્રાફી કરી મુદ્દામાલ રેલવે સ્ટેશન લાવવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન શૌચાલય-1માંથી 9.93 લાખની કિંમતનો 19.865 કિલો (ચોખ્ખું વજન) અને શૌચાલય-2માંથી એક બેકપેક અને થેલા સાથે 7.92 લાખની કિંમતનો 15.835 કિલો ગાંજો મળી આવ્યો હતો. આમ, કુલ 35.710 કિલોગ્રામ પ્રતિબંધિત નશીલો પદાર્થ જપ્ત કરાયો છે.

### દાભણમાં જમીનના વિવાદ મુદ્દે ફરિયાદ

ભરૂચઃ ડેડિયાપાડાના દાભણ ગામમાં જમીન વિવાદને પગલે મારામારી થઈ હતી, જેમાં બે લોકો ઈજાગ્રસ્ત થયા છે. ખેતરમાં બિનઅધિકૃત રીતે ટ્રેક્ટર વડે ખેડાણ કરવા બાબતે પૂછપરછ કરવા ગયેલા ખેડૂત નારણભાઈ રમણભાઈ વસાવા અને તેમના સાથી સકીલાલ પર આરોપી રાજેશભાઈ ચંદુભાઈ વસાવાએ લાકડાના સપાટા વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં નારણભાઈને માથામાં ગંભીર ઈજા થઈ હતી, જ્યારે સકીલાલને હાથે ઈજા પહોંચી હતી. આરોપીએ બંનેને જાનથી મારી નાંખવાની ધમકી પણ આપી હતી. ગામલોકોએ વચ્ચે પડીને બંનેને બચાવ્યા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ડેડિયાપાડા હોસ્પિટલ ખસેડ્યા હતા. પોલીસે આ મામલે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### અરેઠમાં બોલેરોમાંથી વિદેશી દારૂ ઝડપાયો



હિતેશ પટેલ

માંડવીઃ માંડવી-કીમ રોડ પર અરેઠ ગામ નજીક તડકેશ્વર પોલીસે બાતમીના આધારે વાહન ચેકિંગ દરમિયાન એક મહિન્દ્રા બોલેરો પિકઅપ ટેમ્પો અટકાવ્યો હતો. પોલીસની સઘન તપાસમાં ટેમ્પોના ડાલાના ભાગે બનાવેલા ગુપ્ત ચોરખાનામાંથી રૂ. ૨,૭૫,૦૪૦ની કિંમતનો ૧,૧૭૬ બોટલ દારૂ મળી આવ્યો હતો. પોલીસે વાહન સહિત કુલ રૂ.૭,૮૦,૦૪૦નો મુદ્દામાલ જપ્ત કરી મહારાષ્ટ્ર રહેતા બે શખ્સ સુજીતકુમાર યાદવ અને પ્રદીપ સિંગની ધરપકડ કરી છે. પ્રાથમિક પૂછપરછમાં દારૂનો જથ્થો મોકલનાર તરીકે મુખ્ય આરોપી રામલાલ ગુર્જરનું નામ ખૂલતા પોલીસે તેને ફરાર જાહેર કરી શોધખોળ હાથ ધરી છે. કેસની વધુ તપાસ PSI સી.બી.રાઠવા ચલાવી રહ્યા છે.

### બારડોલીમાં પાણી ભરાવા અને બિસમાર રસ્તા મુદ્દે ૨૯ જૂને ધરણા

બારડોલીઃ બારડોલી નગરમાં ચોમાસાની શરૂઆતમાં જ તંત્રની પ્રી-મોન્સૂન કામગીરીની પોલ ખૂલી ગઈ છે. વોર્ડ નંબર ૬ સહિતના વિસ્તારોમાં વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાથી ઠેર ઠેર પાણી ભરાયા છે અને માર્ગો પર મોટા ખાડા પડી ગયા છે. ખાસ કરીને સામરીયા મોરા આશાપુરા માતાજી મંદિર પાસે પૂર જેવી ગંભીર સ્થિતિ સર્જાતા સ્થાનિકો અને ભક્તો મુશ્કેલીમાં મુકાયા છે. વારંવારની રજૂઆતો છતાં તંત્ર દ્વારા કોઈ કાયમી ઉકેલ ન લાવવામાં આવતાં વોર્ડ નં.૬ના કોંગ્રેસના કોર્પોરેટર કાલુ કરીમ શાહ અને અન્ય કાર્યકરોએ મોરચો માંડ્યો છે. જનતાની હાલાકીને વાચા આપવા માટે આગામી ૨૯ જૂન-૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યે નાયબ કલેક્ટર કચેરી, બારડોલી ખાતે એક દિવસીય શાંતિપૂર્ણ ઉપવાસ કાર્યક્રમ યોજવાની લેખિત જાણ કરવામાં આવી છે. સ્થાનિકોએ વહેલી તકે રસ્તાના સમારકામ અને પાણીના નિકાલની માંગ કરી છે.

### ખોલવડમાં 11 વર્ષનો છોકરો ગુમ



કામરેજઃ કામરેજના ખોલવડની ડાયમંડનગરમાં રહેતા મૂળ બિહારના સિકઠીનો પરિવાર કમલેશ બિંદ અને સંજુદેવીનો ૧૧ વર્ષનો પુત્ર નેહાલ રવિવારે બપોરે સ્કૂલ બેગ લઈને ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી ગયો હતો. મૂળ બિહારના અને એમ્બ્રોઇડરી કારખાનામાં કામ કરતું દંપતી જ્યારે મજૂરીએથી પરત ફર્યું ત્યારે પુત્ર ગાયબ હતો. સોમવારે સીસીટીવી ફૂટેજ ચેક કરતાં તે બપોરે ૨:૩૦ વાગ્યે બેગ સાથે જતો દેખાયો હતો.

### માયપુરમાં દીપડો પાંજરે પુરાયો

વ્યારાઃ વ્યારાના માયપુર ગામમાં બે દિવસ અગાઉ દીપડાએ કૂતરાનો શિકાર કર્યો હતો. ઘટનાની જાણ થતાં જ વન વિભાગે તાત્કાલિક પાંજરું ગોઠવ્યું હતું. શિકારની લાલચે પરત ફરેલો ૬થી ૭ વર્ષનો કદાવર દીપડો પાંજરામાં કેદ થતાં ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. વન વિભાગે દીપડાને સુરક્ષિત સ્થળે ખસેડી લોકોને સાવચેત રહેવા અપીલ કરી છે.

## ભ્રષ્ટાચાર મુદ્દે અવાજ ઉઠાવનાર પરિવારનો સામાજિક બહિષ્કાર

**કવિઠામાં** પરિવારના શાકભાજી, દવા અને કરિયાણા સહિતના તમામ વ્યવહારો બંધ કરી દેવાયા

**લોકશાહીને** શરમાવતો આ મામલો ગાંધીનગર મુખ્યમંત્રી કાર્યાલય સુધી પહોંચ્યો



ભરૂચઃ ભરૂચના કવિઠા ગામે વિકાસના નામે ચાલતા કથિત ભ્રષ્ટાચાર સામે અવાજ ઉઠાવનાર ગ્રામ પંચાયતનાં ચુંટાયેલા મહિલા સભ્ય હેતલબેન રાજ અને તેમના પરિવારને સામાજિક બહિષ્કારનો સામનો કરવો પડ્યો છે. સદીઓ જૂની 'હુક્કા-પાણી' બંધ કરવાની પ્રથાને 21મી સદીમાં જીવંત કરી, આ પરિવારના શાકભાજી, દવા અને કરિયાણા સહિતના તમામ વ્યવહારો બંધ કરી દેવાયા છે.

આ આખી તાનાશાહી પાછળ ભરૂચ જિલ્લા પંચાયતના સભ્ય અને ભૂતપૂર્વ તાલુકા પ્રમુખનું નામ મોખરે આવ્યું છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વિડીયોમાં તેમની દાદાગીરી સ્પષ્ટ દેખાય છે, જેમાં તેઓ ધમકી આપી રહ્યા છે કે જો કોઈ ગ્રામજન આ પરિવાર સાથે સંબંધ રાખશે તો તેનો પણ બહિષ્કાર કરાશે. આ કથિત 'તાલીબાની ફતવા'માં મહિલા સભ્યના પતિ સહિત કેટલાક સ્થાનિક આગેવાનો પણ સામેલ હોવાનું ચર્ચાઈ રહ્યું છે, જેના કારણે ગામમાં ભારે અજંપો અને વર્ગવિગ્રહની સ્થિતિ સર્જાઈ છે.

માનવતા અને લોકશાહીને શરમાવતી આ ઘટનાના પડઘા ગાંધીનગર મુખ્યમંત્રી કાર્યાલય સુધી પહોંચ્યા છે. આ તાલીબાની ફતવા મામલે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી સંદીપ માંગરોલાએ કલેક્ટર અને એસપી (SP)ને લેખિત રજૂઆત કરીને દોષિતો સામે કાર્યવાહી કરવા અને પીડિત પરિવારને સુરક્ષા આપવા માંગ કરી છે. તેમણે આ કૃત્યને ભારતીય બંધારણની ભાવના પર સીધો ઘા ગણાવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, કવિઠા ગામ અગાઉ 2025માં પણ પોલીસ ત્રાસના કારણે એક યુવાનની આત્મહત્યાના મામલે ચર્ચામાં આવ્યું હતું, જેની નોંધ રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ (NHRC) દ્વારા લેવામાં આવી હતી. હવે આ નવી ઘટનાએ મહિલા સશક્તિકરણના દાવાઓ સામે મોટા સવાલો ઊભા કર્યા છે.

### ઉતરાજમાં અકસ્માતના બનાવમાં વૃદ્ધનું મોત

અંકલેશ્વરઃ હાંસોટના ઉતરાજ ગામ નજીક સર્જાયેલા હિટ એન્ડ રન અકસ્માતમાં ૬૩ વર્ષીય વૃદ્ધ ગોપાલભાઈ બુધિયાભાઈ રાઠોડનું મોત નીપજ્યું છે. ગત ૨૦ જૂનની રાત્રે તેઓ પગપાળા ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે એક અજાણ્યા વાહનચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી અને વાહન સહિત ફરાર થઈ ગયો હતો. મૃતકના પુત્ર જીતેન્દ્રભાઈની ફરિયાદના આધારે હાંસોટ પોલીસે અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ ગુનો નોંધી, સીસીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ શરૂ કરી છે.

### પાલોદ-કોસંબામાં કેબલ ચોરીનો ભેદ ઉકેલાયો

હથોડાઃ કોસંબા અને પાલોદ પોલીસ મથકની હદમાં આવેલા સોલાર પ્લાન્ટમાંથી કેબલ ચોરી કરનાર ત્રણ આરોપીને સુરત એલસીબી પોલીસે બાતમીના આધારે મોટી નરોલી નજીકથી ઝડપી પાડ્યા હતા. પોલીસ બાતમી મુજબની ઈકો કાર રોકી તપાસ કરતાં તેમાંથી તાંબાના વાયરનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ૧.૪૪ લાખનો મુદ્દામાલ તથા કાર કબજે કરી કનુ ઉર્ફે કેન્યા વસાવા, અજય વસાવા અને બિલાલ મનસૂરની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### તાપી LCBએ ઘરફોડ ચોરીના આરોપીને ઝડપી પાડ્યો

વ્યારાઃ તાપી એલ.સી.બી. અને પેરોલ ફ્લો સ્ક્વોડે ટેક્નિકલ સર્વેલન્સના આધારે ઘરફોડ ચોરીના રીઢા ગુનેગાર કલ્પેશ લાલજીભાઈ ગામીત (ઉં.વ.૨૮) (રહે.,બેડકૂવા દૂર)ને ઝડપી પાડ્યો છે. પોલીસ પૂછપરછમાં આરોપીએ તાપી જિલ્લાના વ્યારા, સોનગઢ, વાલોડ, કાકરાપાર અને સુરતના બારડોલી રૂરલ પોલીસ મથક વિસ્તારમાં થયેલી કુલ ૧૨ ઘરફોડ ચોરીની કબૂલાત કરી છે. પોલીસે આરોપી પાસેથી રૂ.૭.૫૮ લાખના સોના-ચાંદીના દાગીના, રૂ.૫૧,૪૦૦ રોકડા, ૩ મોબાઈલ અને ૨ મોટરસાઈકલ મળી કુલ રૂ.૯,૦૪,૫૩૫નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપીને વધુ કાર્યવાહી માટે વ્યારા પોલીસને સોંપવામાં આવ્યો છે.

## 'તું રાજેશને છોડી દે, નહીંતર કોર્ટના ધક્કા ખાતી થઈ જશે'

**કોસંબામાં** ભરબજારમાં મહિલાને ધમકી આપતાં ત્રણ સામે ફરિયાદ

હથોડાઃ કોસંબામાં મહિલાને ગાળો ધમકી આપનાર ત્રણ સામે ફરિયાદ નોંધાઈ છે. તરસાડીની એક સોસાયટીમાં રહેતા મહિલા કોસંબા બજારે ગઈ હતી. ત્યારે રિક્ષા સ્ટેન્ડ પાસે મોટરસાઈકલ પર આવેલા મહેન્દ્ર કરસન પાંડવ અને તેમનાં પત્ની જ્યોત્સનાએ તેને ઘેરી લીધી હતી. જ્યોત્સનાએ જણાવ્યું કે, તેમની બહેન ભગવતીનાં લગ્ન રાજેશ કટારિયા સાથે થવાનાં હતાં, પરંતુ તરસાડીની આ મહિલાના લીધે તે અટકી ગયાં છે. આ બાબતે દંપતીએ મહિલાને ગાળો ભાંડી ધમકી આપી હતી કે, તું રાજેશને છોડી દે. નહીંતર તને કોર્ટના ધક્કા ખાતી કરી દઈશું અને તારા છોકરાઓ જ્યાં ભણે છે ત્યાંથી તેમને ઉઠાવી જઈશું. ઉપરાંત ભગવતીબેન મકવાણાએ પણ ધોળકા કોર્ટમાં ડોમેસ્ટિક વાયોલન્સની અરજી કરી મહિલાને બદનામ કરી હતી. આ મામલે પીડિત મહિલાએ મહેન્દ્ર પાંડવ, જ્યોત્સના પાંડવ અને ભગવતી મકવાણા સામે કોસંબા પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### નરથાણમાં જુગાર રમતાં 4 ઝડપાયા

સાયણઃ ઓલપાડ પોલીસે નરથાણ ગામના માહ્યાવંશી મહોલ્લા પાછળ ખુલ્લી જગ્યામાં રેઈડ પાડી જુગાર રમતા ચાર શખ્સ કૃણાલ સુરતી, ચંદુ સુરતી, હિરેન કંથારિયા અને દર્શન પટેલને રંગેહાથે ઝડપી લીધા હતા. પોલીસે ઘટના સ્થળેથી રોકડા રૂપિયા અને ૩ મોબાઈલ ફોન મળી કુલ રૂ.૨૮,૪૭૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસે ચારેય આરોપી વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ભરૂચમાં પાવરગ્રીડ-ટ્રાન્સમિશન લાઇન પ્રોજેક્ટ મુદ્દે ખેડૂતોનું આવેદન



ભરૂચઃ ભરૂચ જિલ્લાનાં વિવિધ ગામોના અસરગ્રસ્ત ખેડૂતોએ સોમવારે મોટી સંખ્યામાં ભરૂચ કલેક્ટર કચેરી ખાતે એકત્ર થઈ પાવરગ્રીડ-ટ્રાન્સમિશન લાઇન પ્રોજેક્ટ હેઠળ જમીન સંપાદન અને વળતર પ્રક્રિયા સામે ધરણા કર્યાં હતાં. ખેડૂતોએ કલેક્ટરને આવેદનપત્ર સુપરત કરી યોગ્ય મૂલ્યાંકન, પારદર્શક પ્રક્રિયા અને સમાન વળતરની માંગ કરી હતી.ખેડૂતોના જણાવ્યાનુસાર સરકારી અને ખાનગી જમીન માટે વળતર નક્કી કરવાની પદ્ધતિમાં ભેદભાવ રાખવામાં આવી રહ્યો છે. તેમણે ટ્રાન્સમિશન લાઇન અને ટાવરથી થતા નુકસાનનું સંપૂર્ણ વૈજ્ઞાનિક મૂલ્યાંકન કરવાની માંગ કરી હતી.

### ભરૂચમાં એમ્બ્યુલન્સની આડમાં નંબર પ્લેટ બદલનાર ઝડપાયો

ભરૂચઃ ભરૂચ 'એ' ડિવિઝન પોલીસે રાત્રી પેટ્રોલિંગ દરમિયાન સિવિલ હોસ્પિટલ સામેથી એક શંકાસ્પદ એમ્બ્યુલન્સ ઝડપી પાડી છે. ઇ-ગુજકોપ એપ્લિકેશનની મદદથી એન્જિન અને ચેસીસ નંબર વેરિફાઇ કરતાં આ મોટા કૌભાંડનો ભાંડો ફૂટ્યો હતો. આરોપી મહંમદતારીક પઠાણે પોતાની અસલ કોમર્શિયલ ગાડી (GJ-16-AV-4482) ઝઘડિયા GIDCની કંપનીમાં ભાડે મૂકી હતી, અને તે જ નંબર આ પ્રાઇવેટ ઇકો કાર (GJ-16-DP-4196) પર લગાવી દીધા હતા. આરોપીએ પ્રાઇવેટ ગાડીને એમ્બ્યુલન્સ (કોમર્શિયલ) બનાવવા માટે થતો 30,000નો RTO ખર્ચ બચાવવા આ ગેરકાયદે યુક્તિ અપનાવી હતી. પોલીસે 3 લાખની કાર સાથે આરોપીની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### બારડોલીના મઢીના હરિબાબા ટ્રસ્ટના નવા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી

બારડોલીઃ મઢીના શ્રી સદગુરુ હરિબાબા મહારાજ સેવા ટ્રસ્ટની સાધારણ સભા યોજાઈ હતી. આ સભામાં પ્રમુખ તરીકે પરેશભાઈ દેવજીભાઈ માહ્યાવંશી, ઉપપ્રમુખ તરીકે પંકજકુમાર લાકડાવાલા, મંત્રી તરીકે દેવેન્દ્રભાઈ માહ્યાવંશી, સહમંત્રી તરીકે પરેશભાઈ અમૃતભાઈ માહ્યાવંશી અને ખજાનચી તરીકે કિરણભાઈ પરમારની પસંદગી થઈ છે. અંતે વનમાળીભાઈ પરમારે આભારવિધિ કરી હતી.

### ધી ઓલપાડ કોટન સહકારી મંડળીની સભા મળી



સાયણઃ ઓલપાડ જીન કેમ્પસમાં 'ધી ઓલપાડ ગ્રુપ કો. ઓ.કોટન સહકારી મંડળી'ની ૯૦મી વાર્ષિક સાધારણ સભા પ્રમુખ મનહરભાઈ કે. પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી, જેમાં તમામ કામો સર્વાનુમતે મંજૂર કરાયાં હતાં. ૩,૧૩૮ સભાસદો ધરાવતી મંડળીએ કપાસ, દીવેલા અને ડાંગરના વેચાણ થકી રૂ.૪૭ કરોડથી વધુનો વેપાર કર્યો છે. મંડળીનું શેર ભંડોળ રૂ.૮.૦૪ લાખ, સભાસદ બચત થાપણો રૂ.૨.૦૬ કરોડ અને અન્ય ફંડો રૂ.૩.૬૬ કરોડ છે. તમામ જોગવાઈઓ બાદ રૂ.૨,૪૬,૦૯૨નો ચોખ્ખો નફો થતાં સભાસદો માટે ૧૫ ટકા ડિવિડન્ડ જાહેર કરાયું છે. મંડળીએ આકસ્મિક યોજના હેઠળ મૃતક પરિવારને રૂ.૨.૪૦ લાખ અને અકસ્માત વીમા હેઠળ રૂ.૩ લાખની સહાય ચૂકવી છે તથા આર્થિક સહાય વધારીને રૂ.૨૦,૦૦૦ કરી છે. અંતમાં ઉપપ્રમુખ રમેશભાઈ પટેલે આભારવિધિ કરી હતી. આ સભામાં ધી પુરુષોત્તમ ફાર્મર્સના ઉપપ્રમુખ અંકુર પટેલ, પાલ કોટન મંડળીના પ્રમુખ નરેશભાઈ પટેલ સહિત વિવિધ સહકારી અગ્રણીઓ અને સભાસદો હાજર રહ્યા હતા.

### પીરામણ અને નવી દીવીમાં દારૂ ઝડપાયો

અંકલેશ્વર, ભરૂચઃ ભરૂચ એલસીબી અને એ-ડિવિઝન પોલીસે અંકલેશ્વરના પીરામણ અને નવી દીવી ગામે દરોડા પાડી કુલ ૧.૯૬ લાખથી વધુની કિંમતનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. આ મામલે પોલીસે નવી દીવીમાં સંજય વસાવાની ધરપકડ કરી છે, જ્યારે પીરામણની ઘટનામાં સુજાતખાન પઠાણ અને શાહરુખ પઠાણને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

### આંબોલીમાં શંકાસ્પદ લોખંડ મળી આવ્યું

અંકલેશ્વરઃ અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસે આંબોલી-ઉમરવાડા માર્ગ પરથી રૂ.9.11 લાખની કિંમતનો 22,774 કિગ્રા શંકાસ્પદ લોખંડનો ભંગાર (ચેનલો) ભરેલો આઇસર ટેમ્પો ઝડપી પાડ્યો હતો. યોગ્ય પુરાવા ન મળતાં પોલીસે 7 લાખના ટેમ્પો સહિત કુલ 16.11 લાખનો મુદ્દામાલ જપ્ત કરી સબરે હુસેન શેખ અને જૈનુલ આબદીન ખાનની અટકાયત કરી હતી.

### પાનોલી પોલીસની નવતર પહેલ

અંકલેશ્વઃ વધતી જતી ગુનાખોરીને અટકાવવા અને જાહેર સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે પાનોલી પોલીસ મથક દ્વારા એક નવતર પહેલ હાથ ધરવામાં આવી છે. આ અંતર્ગત વિસ્તારમાં ચાલતી તમામ ઓટો રિક્ષાઓને યુનિક ઓળખ નંબર આપવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

### અંકલેશ્વરમાં આંખ રોગ નિદાન શિબિર

અંકલેશ્વરઃ ધી જ્ઞાનદીપ અનુ કુવરબા હાઈસ્કૂલ ખાતે અંકલેશ્વર ખાતે કાકા-બા હોસ્પિટલ દ્વારા એશિયન પેઇન્ટ્સ લિમિટેડના સહયોગથી નિઃશુલ્ક આંખ રોગ નિદાન અને સારવાર શિબિર યોજાઈ હતી, જેમાં મોટી સંખ્યામાં નાગરિકોએ લાભ લીધો હતો.

### કામરેજના વલથાણમાં સીપીઆર આપી બાઈક ચાલકનો જીવ બચાવાયો

કામરેજઃ કામરેજના વલથાણ ગામે નહેર પાસે કારની અડફેટે બાઈક ચાલક ગંભીર ઘાયલ થઈ બેભાન થયો હતો. કામરેજ અને ટ્રાફિક પોલીસે તાત્કાલિક CPR આપી માનવતા દાખવી તેનો જીવ બચાવી હોસ્પિટલ ખસેડ્યો હતો.


**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૨૪૮/૨૦૨૬
તા.૧૨/૦૬/૨૦૨૬

વાદી :- કવિતાબેન શંકરભાઇ ગામીતની પત્ની તે સુમજીભાઇ ચૌધરીની દિકરી, રહે.હનુમાન ટેકરી ફળિયું, કંટવાવ, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૩૦

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી કંટવાવ ગ્રુપ ગ્રા.પં., તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૩૦

વિષયઃ- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી કવિતાબેન શંકરભાઇ ગામીતની પત્ની તે સુમજીભાઇ ચૌધરીની દિકરી, રહે.હનુમાન ટેકરી ફળિયું, કંટવાવ, તા.માંગરોળ, જી.સુરત- ૩૯૪૪૩૦એ તેઓના પોતે કવિતાબેન સુમજીભાઇ ચૌધરીનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: કવિતાબેન સુમજીભાઇ ચૌધરી ૨. જન્મ તારીખ: ૦૧/૦૬/૧૯૭૩ ૩. જન્મનું સ્થળ: મોજે.કંટવાવ, તા.માંગરોળ, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે કવિતાબેન સુમજીભાઇ ચૌધરીના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૨૯/૦૬/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૨/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જી.સુરત



**-:: જાહેર સુચના ::-**

શેર સર્ટીફીકેટ નંબર- ૨૦૫૫૬,૨૦૫૫૭ ખોવાયાલાની ખબર ગામ-બેડકુવા-દુર નાં શ્રી અરવિંદભાઈ નાગજીભાઈ ચૌધરી એ સંસ્થાને આપી છે,જેમને મળ્યા હોય તેમણે સંસ્થામાં દિન-૩(ત્રણ)માં જમા કરાવી જવા અગર કોઈને કોઈ વાંધો હોય તો દિન-૩૦(ત્રીસ)માં લેખિત જાણ કરવી,નહિં તો ડુપ્લીકેટ શેર કાઢી આપવામાં આવશે,તેની સામે કોઈનો કોઈપણ જાત નો દર દાવો તકરાર કે વાંધો ચાલશે નહિં.

આપનો વિશ્વાસુ
શ્રી મઢી વિભાગ ખાંડ ઉ.સ.મંડળી લિ. (અવિનાશ.ડી.ઢેકાણે)
મઢી-૩૯૪૩૪૦ મેનેજીંગ ડાયરેક્ટર.
તા.૨૨-૦૬-૨૦૨૬



**મિલકતના દસ્તાવેજ ગુમ થયા અંગેની જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે ડીસ્ટ્રીકટ સુરતના સબ-ડીસ્ટ્રીકટ તાલુકે કામરેજના મોજે ગામ વાવના ગામઠાણમાં દેસાઈ ફળીયામાં આવેલ પ્રોપર્ટી નં.૮૧, ૮૦/૧, ૮૦/૨ થી પંચાયત દફ્તરે નોંધાયેલ ગામઠાણની ૬૫૦.૩૦ ચો.મી. જમીન અમારા અસીલના પિતા ધવલભાઈ વેંકટરાય વોરાએ રજી.વેચાણ દસ્તાવેજ નં.૧૧૧૭/૧૯૯૩ થી ૨૨/૦૯/૧૯૯૩ થી શ્રીમતી લીલાવતીબેન છગનભાઈ ગુલાબભાઈ દેસાઈ પાસેથી ખરીદ કરેલ છે. જે અસલ રજી.વેચાણ દસ્તાવેજ નં.૧૧૧૭/૧૯૯૩ તથા તેની રજીસ્ટ્રેશન ફી ભર્યાની અસલ રસીદ ગુમ થઈ ગયેલ છે. જેથી સદર અસલ દસ્તાવેજ નં.૧૧૧૭/૧૯૯૩ તથા તેની રજીસ્ટ્રેશન ફી ભર્યાની અસલ રસીદ જો કોઈના કબજામાં હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેને દિન-૭ માં નીચેના નંબર તથા સરનામે તેની જાણ કરવી. મુદ્દત પછી સદરહુ મિલકતમાં હરકોઈ પ્રકારનો હકક- હિત, હિસ્સો, લાગ-ભાગ કે બોજો કે દર-દાવો નહિ હોવાનું અને હોય તો તે છોડી દીધા હોવાનું ગણી ઉપર જણાવેલ દસ્તાવેજ ગુમ થયેલ થયેલ હોવાનું માની લેવામાં આવશે. જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

મારી સુચનાથી

અલ્પેશ એમ. પરમાર તે કુંજલ ધવલભાઈ વોરાના એડવોકેટ
૧૭૫,૧૭૬, ગોલ્ડન પ્લાઝા, કામરેજ ચાર રસ્તા તા. કામરેજ, જી. સુરત. મો. ૯૯૨૫૪-૧૯૧૨૦



Milano MULTIPLEX
બારડોલી

Cocktail 2
12:00pm, 03:00pm, 06:00pm, 09:00pm, 10:00pm

Jindagi Once More-Gujarati
02:00pm, 05:00pm, 09:30pm

Toy Story 5-Hindi
11:00am

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333